જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૧/૨૦૨૩ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૧૩/૨૦૨૩

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૧ | ૧૦૦૭૦૩ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪ | ૯૦,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૪/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૨૦૦ લીટર દેશી દારૂ, ૨૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧૧૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૧૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૫/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૬/૨૦૨૩**

**કાગડાપીઠઃ** દિપેશભાઇ ગંગારામ ધોળકીયા (ઉ.વ.૬૧) (રહે. દિપગંગા બંગ્લોઝ ભુલાભાઇ કાંકરીયા રોડ) એ તા.૧૮/૦૧/૨૦૨૩ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૨ થી ૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન બહેરામપુરા ગ્રીનકોર્સ સોસાયટી ગીતા મેટરનીટી નર્સીંગ હોમ ખાતેથી આરોપી જીવન વિમા પોલીસીના મેનેજર તથા એજન્ટ હીરલબહેન રાણા (રહે. જગદીશપાર્ક સોસાયટી જગદીશપાર્ક સામે બહેરામપુરા) એ જીવન વિમા પોલીસી લેવાથી લોભામણી લાલચ આપી અલગ-અલગ પોલીસી લેવડાવી દિપેશભાઈ પાસેથી પોલીસીના પ્રિમીયમ પેટે ચેક થી તેમજ રોકડમાં અલગ-અલગ પોલીસીના કુલ રૂપિયા ૪૫,૦૦,૦૦૦/- મેળવી લઈ જીવન વિમા પોલીસી નહી ભરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૭/૨૦૨૩**

**ઘાટલોડીયાઃ** ભાઇલાલભાઇ પૂરૂષોત્તમદાસ ઠક્કર (રહે. કે.કે.નગર સોસાયટી, સેક્ટર-૪ પાટીદાર ચોક પાસે કે.કે.નગર રોડ ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૧/૨૦૨૩ બપોરના ૧૨/૧૫ થી ૧/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૫૦,૦૦૦/- તથા અમેરીકન ડોલર ૧૨૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**શાહીબાગઃ** આશિષકુમાર રવિશંકર સુથાર (રહે. શ્લોક પરિશર વોડાફોન ટાવર પાછળ ગોતા) એ તા.૧૮/૦૧/૨૦૨૩ ના રોજ શાહીબાગ પોલીસ સ્તેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૨/૨૦૨૨ રાતના ૮/૦૦ થી તા.૧૮/૦૧/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન શાહીબાગ લાડલાપીર કમ્પાઉન્ડ પાછળ બી.એસ.એન.એલ.ઓફિસ આર.ટી.એસ.ડી.બિલ્ડીંગ ખાતે ઓફીસનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી (૧) રેક સર્વર નંગ-૧૭ કિમત રૂપિયા ૮૫,૦૦૦/- (૨) સ્ટોરેજ યુનિટ નંગ-૫ કિમત રૂપિયા ૨૫,૦૦૦/- (૩) રાઉટર નંગ-૧ કિમત રૂપિયા ૫૦૦૦/- (૪) એલ.ટી.ઓ-૪ ડિવાઇસ નંગ-૧ કિમત રૂપિયા ૫૦૦૦/- તેમજ ડેટા સેન્ટર રૂમમાંથી એ.સી.ઇન્ડોર યુનિટ નંગ-૫ કિમત રૂપિયા ૫૦૦૦/- તથા પાવર રૂમમાંથી યુ.પી.એસ.ના ટ્રાન્સફરમર નંગ-૨ કિમત રૂપિયા ૧૦,૦૦૦/-, એ.સી.ના આઉટડોર યુનિટ નંગ-૧૦ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૧,૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.પારેખ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ (૧)** નિતીનભાઇ શિવાભાઇ પટેલ (રહે. મ.નં.બી/૩૦૧ ઉગતિ પ્લેટિનમ ફ્લેટ સાગર સંગીત ફ્લેટની બાજુમા સોલા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૧/૨૦૨૩ સવારના ૧૦/૦૦ થી બપોરના ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૫,૮૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૧૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ (૨)** રૂષિકભાઇ પ્રવિણભાઇ પટેલ (રહે. મ.નં.બી/૩૦૨ ઉગતિ પ્લેટિનમ ફ્લેટ સાગર સંગીત ફ્લેટની બાજુમા, સોલા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૧/૨૦૨૩ સવારના ૧૧/૩૦ થી બપોરના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, કેમેરા નંગ-૩ અને રોકડ રૂપિયા ૧,૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

**વાડજઃ** તિર્થ ગોરધનભાઈ શિંગાળા (રહે. તુલશી શ્યામ ફ્લેટ ભીમજીપુરા ચાર રસ્તા પાસે નવા વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૧/૨૦૨૩ સવારના ૯/૩૦ થી બપોરના ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૭૦,૧૩૫/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.જી.જોષી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૮/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** યશવંતકુમાર વિઠ્ઠલભાઇ મોદી (ઉ.વ.૭૦) (રહે. ચંદ્રપુરી એપાર્ટમેન્ટ સરકારી વસાહત રોડ વસ્ત્રાપુર) એ તા.૧૮/૦૧/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વસ્ત્રાપુર એસ.જી.હાઇવે ગુરુદ્વારા સામે યશવંતકુમાર મોદીની એ/૧ અંબિકા હાઉસ ઓફીસ ખાતે કામ કરતા વિકાસ શરદપ્રસાદ રાજપુત (રહે. ચામુંડાનગર કૃષ્ણાનગર સહજાનંદ એવન્યુ પાસે નારણપુરા) તા.૧૩/૦૧/૨૦૨૩ સવારના ૧૦/30 વાગ્યાના સુમારે ઓફીસમાં ટેબલના ખાનામાંથી રોકડ રૂપિયા ૯,00,000/- ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.દેસાઇ ચલાવે છે.

**સોનાનો હાર ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૯/૨૦૨૩**

**નરોડાઃ** સિમા વા/ઓ મધુસુધન પાંડે (ઉ.વ.૪૮) (રહે. ગલી નંબર-૭ નેશનલ હેન્ડલુમ રામામંડી પોસ્ટ-ડકોહા જિ-જલંધર પંજાબ) તા.૧૭/૦૧/૨૦૨૩ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે નરોડા સ્મશાનગૃહ ચાર રસ્તા પાસે ગ્રીનરીયો હોટલ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સીમા પાંડેના ગળામાંથી સોનાનો હાર કિમત રૂપિયા ૭૫,000/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સીમા પાંડે એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૦/૨૦૨૩**

**નિકોલઃ** હસમુખભાઇ અમતુભાઇ ઓડ (રહે. શાંતિવન સોસાયટી સિંગરવા-કઠવાડા રોડ કઠવાડા) એ તા.૧૭/૦૧/૨૦૨૩ સાંજના ૬/00 વાગે નિકોલ પામ હોટલની બાજુમા હરીધામ પાર્કિંગમાં આઇવા ગાડી નંબર જીજે ૨૭ એક્સ ૬૮૯૨ કિમત રૂપિયા ૯,00,000/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૮/૦૧/૨૦૨૩ કલાક ૮/00 વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ હસમુખભાઇ ઓડ એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સિસોદીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૧/૨૦૨૩**

**રિવરફ્રંટ વેસ્ટઃ** વાડીલાલ હોસ્પિટલ ખાતે એમ.બી.પી.એસ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરતા અને હોસ્ટેલમાં રહેતા પરિતોષ પિયુષભાઈ મોદી (ઉ.વ.૨૧) (મુળ વતન. વિશ્વકર્માનગર મેવાડા હોસ્ટેલ પાસે પાલનપુર જી.બનાસકાંઠા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૧/૨૦૨૩ રાતના ૮/00 વાગ્યા પહેલા અટલબ્રિજ પાસે રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**વટવા જીઆઈડીસીઃ** માલાબહેન વા/ઓ દિપકભાઈ દંતાણી (ઉ.વ.૨૩) (રહે. જુની વસાહત જશોદાનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૧/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.મકરાણી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી